જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૩/૨૦૨૩ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭૭ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૨ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૫૨,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ ચોરીઃ સમાચાર યાદી નં.૪૯૮/૨૦૨૩

**વટવા જીઆઇડીસીઃ**- ઈન્દ્રજીતસિંહ જામસિંહ ઝાલા (ઉ.વ.૩૮)(રહે.આયોજનનગર વિંઝોલ ગામ પાસે જીઆઈડીસી વટવા) એ તા.૨૨/૦૩/૨૦૨૩ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૦૮/૦૨/૨૦૨૩ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી (૧) સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૨) સોનાની વિંટી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- (૩) સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને (૪) રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.વાઘેલા ચલાવે છે.

**સરખેજઃ** રોહીતભાઈ નટવરભાઈ પટેલ (ઉ.વ.૪૪)(રહે.વર્નીસ સ્કાય સીટી કલબ-ઓ-૭ રોડ એસ.પી.રીંગ રોડ સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૩/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૨/૦૩/૨૦૨૩ ના કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન સરખેજ મુમતપુરા, કાકાના ઢાબા તરફ એરોસ હોટલની બાજુમાં આવેલ “ઇશ્વર કૃપા” નામના ગોડાઉનની દિવાલ કુદી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, અલગ-અલગ ડ્રમમાંથી સ્કવેર એમ.એમ. વાળા કોપરના ફેકશીબલ કેબલ કુલ કિંમત રૂપિયા ૮,૯૮,૧૦૦/- મતાના ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૯/૨૦૨૩**

**ઓઢવઃ** શાંતીલાલ મનોહરલાલ જૈન (ઉ.વ.૬૩)(રહે.પુજા બંગ્લોઝ વિરાટનગર રોડ મનમોહન ચાર રસ્તા પાસે નિકોલ) તા.૨૨/03/૨૦૨૩ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર રોડ મનમોહન પાર્ક સામે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શાંતીલાલના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ શાંતીલાલ જૈન એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૫૦૦/૨૦૨૩**

**ઓઢવઃ** સુરેશભાઇ ધારાભાઇ ભરવાડ (ઉ.વ.૪૨)(હે.મંગલમપાર્ક આદિનાથનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/03/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૨/03/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કઠવાડા જી.આઇ.ડી.સી દિવ્ય મંગલ આર્કેડ સામે કઠવાડા ગેટની બાજુના ખુલ્લા મેદાન પાર્ક કરેલ પોતાની આઇસર ગાડી નંબર જીજે.૨૭.ટી.૮૮૪૯ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૦૧/૨૦૨૩**

**ગોમતીપુરઃ** ભીખાભાઇ સેંધાભાઇ વાઘેલા (ઉ.વ.૪૦)(રહે.સરદારજીના છાપરા, ખાડાવાળી ચાલી, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/03/૨૦૨૩ ના કલાક ૬/૪૫ વાગે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/03/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવીદાસ વીરભાણ ચલાવે છે.

**નારોલઃ** વિઠ્ઠલભાઇ કોહીયાભાઇ ક્રિશ્ચયન (ઉ.વ.૫૪)(રહે.ઇન્દીરાનગર મ્યુની.સ્કુલની બાજુમા રાણીપુર ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૨/03/૨૦૨૩ સવારના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરની બહાર લોબીમા છતની એંગલ સાથે પ્લાસ્ટિકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી